ગુજરાત સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન માટે અહેવાલ સંદર્ભે થયેલ અપીલ અરજીના નિકાલ માટે રેફરલ બોર્ડની રચના અને તેની કાર્યપધ્ધતિ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ખહલ-૧૦૨૦૧૩-૫૬૨૨૯૪-ભા-૧-ક
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ 30 - ૦૮-૨૦૧૮

વંચાણે લીધોઃ

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૯.૧.૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃખહલ-૧૦૨૦૧૩-૫૬૨૨૯૪-ક

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧.૩.૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃખહલ-૧૦૨૦૧૮-૮૦૭૯૨-ક

(3) ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલનો તા.૧૩-૩-૨૦૧૮નો પત્ર

ઠરાવઃ-

ગુજરાત સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન માટે ખાનગી અહેવાલના બદલે કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખવાની સૂચનાઓ સા.વ.વિભાગના વખતોવખતના ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે સંદર્ભ (૨)માં વંચાણે લીધેલ ઠરાવથી વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલની સુધારેલ સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. અહેવાલ હેઠળના અધિકારીની અપીલ અરજીના નિકાલ માટે રેફરલ બોર્ડ તરીકેની કામગીરી ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલને સોંપવામાં આવેલ છે. રેફરલ બોર્ડની રચના તથા તેની કાર્યપદ્ધતિ સા.વ.વિ.ના ઉપર વંચાણે લીધા ક્રમ-૧ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબના સભ્યોની નિમણૂંક થયેલ છે.

રેફરલ બોર્ડના અધ્યક્ષ તરીકે હોદ્દા ની.રૂએ ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલના અધ્યક્ષશ્રી, એક સભ્ય તરીકે ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલના અધ્યક્ષશ્રી નક્કી કરે તે રેફરલ બોર્ડના સભ્યશ્રી, જ્યારે બીજા સભ્ય તરીકે રેફરલ બોર્ડ સમક્ષ રજુઆત કરનાર અધિકારીની કેડર સંભાળતા સંબધિત વિભાગના નાયબ સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/અધિક સચિવશ્રી રહેશે.

જો કોઇ કિસ્સામાં નાયબ સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/અધિક સચિવશ્રી રજૂઆત કરનાર અધિકારીના અહેવાલ લખનાર કે સમીક્ષા કરનાર સત્તાધિકારી હશે ત્યારે તે વિભાગના સચિવશ્રી નક્કી કરે તે નાયબ સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/અધિક સચિવશ્રીનો બીજા સભ્ય તરીકે સમાવેશ કરવાનો રહેશે.

૨/

ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલના ઉપર વંચાણે લીધા ક્રમ-૩ પરના પત્રથી રેફરલ બોર્ડના માળખામાં ફેરફાર કરી અહેવાલ હેઠળના અધિકારીની કેડર સંભાળતા વિભાગના સંબંધિત અધિકારીને સભ્ય તરીકે રાખવાને બદલે ટ્રીબ્યુનલના અધ્યક્ષશ્રી નક્કી કરે તેવા જયુડીશીયલ કેડરના સભ્યને રેફરલ બોર્ડના સભ્ય તરીકે નિયુકત કરવા અને કેડર સંભાળતા જે તે સંબંધિત વિભાગના અધિકારીને આમંત્રિત સભ્ય તરીકે સમાવિષ્ટ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.આ અંગે કાળજીપૂર્વકની વિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવે છે

અહેવાલ હેઠળના અધિકારીને તેમની વર્ષ દરમ્યાનની કામગીરીના મુલ્યાંકન સામે વાંધો હોય તો આ હેતુ માટે નિયત કરેલ પદ્ધતિ અને સમયમર્યાદામાં રેફરલ બોર્ડમાં રજુઆત/અપીલ કરી શકે તે માટે રેફરલ બોર્ડની રચના કરવામાં આવેલ છે. રેફરલ બોર્ડના અધ્યક્ષ તરીકે ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલના અધ્યક્ષશ્રી અને એક સભ્ય તરીકે ટ્રિબ્યુનલના અધ્યક્ષશ્રી નક્કી કરે તે સભ્ય રાખવા ઉપરાંત અહેવાલ હેઠળના અપીલ કરનાર અધિકારીની કેડર સંભાળતા સંબંધિત વિભાગના ના.સ.શ્રી/સં.સ.શ્રી/અ.સ.શ્રીને બીજા સભ્ય તરીકે રાખવામાં આવેલ છે. સંબંધિત વિભાગના કેડર સંભાળતા ના.સ.શ્રી/સં.સ.શ્રી/અ.સ.શ્રી કેસના સાધનિક કાગળોનો અભ્યાસ/ચકાસણી કરી અપીલની સુનાવણી સમયે વિભાગનો પક્ષ રાખી શકે, તે બાબતને લક્ષમાં લેતા સંબંધિત વિભાગના અધિકારીને રેફરલ બોર્ડના એક સભ્ય તરીકે ચાલુ રાખી, ટ્રિબ્યુનલના અધ્યક્ષશ્રી નક્કી કરે તેવા જયુડીશીયલ કેડરના સભ્યને વધારાના સભ્ય તરીકે સમાવિષ્ટ કરવાનું નક્કી કરવામાં આવે છે. આમ, રેફરલ બોર્ડના સભ્યો નીચે પ્રમાણે રહેશે.

1. રેફરલ બોર્ડના અધ્યક્ષ :- ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલના અધ્યક્ષશ્રી (હોદ્દાની રૂએ)
2. સભ્ય-૧ :- ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલના અધ્યક્ષશ્રી નક્કી કરે તે સભ્યશ્રી
3. સભ્ય-૨ :- ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલના અધ્યક્ષશ્રી નક્કી કરે તે જયુડીશીયલ કેડરના સભ્ય
4. સભ્ય-3 :- રેફરલ બોર્ડ સમક્ષ રજુઆત કરનાર અધિકારીની કેડર સંભાળતા સંબંધિત વિભાગના ના.સ.શ્રી/સં.સ.શ્રી/અ.સ.શ્રી

સા.વ.વિ.ના તા.૧૯-૧-૨૦૧૫ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.એચ.મનસુરી)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રી ના અગ્ર સચિવશ્રી.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
માન. મંત્રીશ્રી/ રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી , ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.

એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર.

સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ .

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫.

સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાનાવડાઓ ખાતાના નિયંત્રણ હેઠળની કચેરીઓને ઉકત સૂચના મોકલવા વિનંતી સહ )

નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ.

સિલેકટ ફાઇલ.

---

- પત્રદવારા